# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલને PMJAY–મા યોજનાની માર્ગદર્શિકા અનુસાર કાયમીપણે બ્લેકલિસ્ટ કરવામાં આવી.
2) રાજ્યના GST વિભાગે કૉપરના ધંધા સાથે સંકળાયેલી 14 પેઢીમાં તપાસ કરી 48 કરોડની કરચોરી પકડી.
3) વાવ વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટા-ચૂંટણીમાં સરેરાશ 70.54 ટકા મતદાન નોંધાયું.
4) પશુધન વીમા સહાય યોજના હેઠળ વીમા કંપનીને માત્ર 100 રૂપિયા પ્રીમીયમમાં પશુપાલકો પશુધનને વીમાનો લાભ આપી શકશે.
5) રાજ્યમાં આ મહિનાના છેલ્લા સપ્તાહમાં અત્યંત ઠંડીની હવામાન વિભાગની આગાહી.

---

## KHYATI HOSPITAL KARYAVAHI

અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલમાં બનેલી ઘટના અંગે રાજ્ય સરકારે ગંભીરતાથી નોંધ લીધી છે. આ હૉસ્પિટલ સાથે જોડાયેલા તબીબ રાજ્યની અન્ય હૉસ્પિટલમાં કામ નહીં કરી શકે.

તેમજ હૉસ્પિટલના માલિક અને એમ્પેન્લમેન્ટ ડૉક્ટર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા સહિતની અન્ય કલમો અંતર્ગત સરકાર દ્વારા પોલીસ ફરિયાદ કરાશે. PMJAY–મા યોજનાની માર્ગદર્શિકા અનુસાર આ હૉસ્પિટલને કાયમીપણે બ્લેકલિસ્ટ કરવામાં આવી છે. હવે ટૂંક સમયમાં સર્જરીના વ્યવસ્થાપનના સુદ્રઢીકરણ માટે SOP જાહેર કરાશે.

ઉપરાંત આ ઘટના સાથે સંકળાયેલા તબીબો સામે જરૂરી પગલાં લેવા ગુજરાત મેડિકલ કાઉન્સીલને સૂચના અપાશે. હૉસ્પિટલમાં અગાઉ થયેલી કાર્ડિયોલજીના કેસની પણ ચકાસણી કરાશે.

આ અંગે આરોગ્ય વિભાગના અગ્ર-સચિવ ધનંજય દ્વિવેદીએ માહિતી આપી હતી. શ્રી દ્વિવેદીએ જણાવ્યું કે, ઘટનામાં સમિતિને ગુનાહિત કૃત્ય અને તબીબી બેદરકારી જણાતા આરોગ્ય વિભાગે ખ્યાતિ હોસ્પિટલ સામે ગેરરીતિ બદલ આ નિર્ણય કર્યા છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગાંધીનગર ખાતે યોજેલી સમીક્ષા બેઠકમાં સમગ્ર ઘટના અંગે ચર્ચા કરી હતી. શ્રી પટેલે જવાબદાર કોઈને પણ છોડવામાં ન આવે તેમજ આ હૉસ્પિટલના માલિક, સંચાલકો, તબીબો સહિતના લોકો વિરુદ્ધ રાજ્ય સરકાર દ્વારા કડકમાં કડક પગલાં લેવાય તેવી સૂચના આપી હતી.

---

## WORLD-DIABETES-DAY

આજે 14 નવેમ્બરે વિશ્વ મધુપ્રમેહ એટલે કે ડાયાબિટીસ દિવસ મનાવવામાં આવી રહ્યો છે. આ વર્ષે ડાયાબિટીસ દિવસની વિષયવસ્તુ "બ્રેકિંગ બેરિયર્સ એન્ડ બ્રિજિંગ ગેપ્સ" છે.

જે સુનિશ્ચિત કરે છે કે ડાયાબિટીસ ધરાવતી દરેક વ્યક્તિ ઉચ્ચ-ગુણવત્તાવાળી, સસ્તી સારવાર મેળવી શકે અને કાળજીમાં અસમાનતાને દૂર કરવા માટે સરકારો, આરોગ્ય સંસ્થાઓ અને સમુદાયો વચ્ચે સહયોગ પર ભાર મૂકાયો છે.

આ માત્ર ડાયાબિટીસના જોખમી પરિબળોને ઘટાડવા માટે જ નહીં પરંતુ આ સ્થિતિથી પીડિત લોકોને સતત સહાય પૂરી પાડવા માટે એક સંકલિત અભિગમની માંગ કરે છે. 2023માં પ્રકાશિત ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ-આઈસીએમઆર ઈન્ડિયા દ્વારા કરાયેલા એક અભ્યાસ અનુસાર ભારતમાં લગભગ 101 કરોડ લોકો ડાયાબિટીસથી પીડિત છે.

ડાયાબિટીસ એ એક જાહેર આરોગ્ય પડકાર છે જે વિશ્વભરના લાખો લોકોને અસર કરે છે. જે નિવારણ, વહેલું નિદાન, અસરકારક વ્યવસ્થાપન અને ડાયાબિટીસની સંભાળની સમાન પહોંચ અને રોગ વિશે લોકોમાં જાગૃતિ લાવવા માટે વ્યાપક પગલાંની તાત્કાલિક જરૂરિયાતની અગત્યતા દર્શાવવા આ દિવસ મનાવવામાં આવે છે.

---

## GST KAR CHORI

રાજ્ય વસ્તુ અને સેવા કર – GST વિભાગે રાજ્યમાં કૉપરના ધંધા સાથે સંકળાયેલી 14 પેઢીઓમાં તપાસ હાથ ધરી હતી. દરમિયાન ચાર પેઢી બોગસ નીકળી અને 48 કરોડ રૂપિયાની કરચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. અન્ય એક પેઢીમાં 19 કરોડ 46 લાખ રૂપિયાની કરચોરી પકડાતાં એક ભાગીદારની સુરતથી ધરપકડ કરવામાં આવી છે.

GST વિભાગે સુરત, રાજકોટ, ભરૂચ, વાપી, જુનાગઢ અને ભાવનગર ખાતે આવેલી વિવિધ પેઢીઓ પર ગત સોમવારે તપાસ કરી હતી.

દરમિયાન કોપરની બોગસ ખરીદીઓ દર્શાવી મોટાપાયે ખોટી વેરાશાખ ભોગવી કરચોરી કરવામાં આવી છે. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અદાલત સુરતે પકડાયેલા આરોપીના આ શનિવાર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

---

## KHEDA COMMANDO TRAINING

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે પોલીસ અધિકારીઓ અને જવાનોને આધુનિક યુગમાં ડ્રૉન ટેક્નૉલોજીનો મહત્તમ ઉપયોગ કરવા અંગે સૂચન આપ્યું હતું. ખેડા જિલ્લાના ખલાલ ખાતે આવેલા કમાન્ડો તાલીમ કેન્દ્રમાં યોજાયેલી ડીજીપી-આઈજીપી પરિષદમાં શ્રી સહાયે આમ જણાવ્યું હતું. રાજ્યના છેવાડાના પોલીસમથક સુધી સૂચનોની અમલવારી થાય તે માટે આ પરિષદ યોજાઈ હતી.

આ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ડીજીપી-આઈજીપી પરિસદમાં પોલીસિંગને લગતા વિષય પર મળેલા સૂચનો અંગે ચર્ચા અને તેના અમલીકરણ પર ભાર મુકાયો હતો.

આ પરિષદમાં વિવિધ એકમના વડા તેમજ શહેર, રેન્જ, જિલ્લા વડાઓ સહિત 50થી વધુ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## NARMADA JAN SETU (ISRA)

નર્મદા જિલ્લામાં "જન યોજના સેતુ" પાયલોટ પ્રોજેક્ટનો નાંદોદ તાલુકાના પાટણા ગામેથી પ્રારંભ કરાયો છે. જિલ્લામાં સંવેદનશીલ અને જરૂરિયાતમંદ

સમુદાયોને સરકારી યોજનાઓ અને સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થાય તેવા આશય સાથે ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ રિસ્પોન્સિબિલિટી એન્ડ એકાઉન્ટેબિલિટી-ISRA દ્વારા સામાજિક સંસ્થાના સહયોગથી આ પ્રોજેક્ટ શરૂ કરાયો છે. સામાજિક સુરક્ષાની આ પહેલ નાગરિકો માટે મદદરૂપ થશે તેવો આશાવાદ ISRAના પ્રતિનિધિએ વ્યક્ત કર્યો હતો .

(ઓડિયો - ઋષિનભાઈ પટેલ, ISRAના પ્રતિનિધિ)

---

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો.

---

## BK VAV BY ELECTION

બનાસકાંઠાનાની વાવ વિધાનસભા બેઠક પર ગઈકાલે યોજાયેલી પેટા-ચૂંટણીમાં સરેરાશ 70.54 ટકા મતદાન નોંધાયું છે.

બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે, વાવ બેઠક માટે કુલ 3 લાખ 10 હજાર 775 મતદાર નોંધાયા હતા. ગઈકાલે એક લાખ 20 હજાર 601 પુરૂષ મતદાર અને 98 હજાર 633 મહિલા મતદાર સહિત કુલ 2 લાખ 19 હજાર 234 મતદારોએ મતદાન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આ બેઠક પર ભાજપના સ્વરૂપજી ઠાકોર, કૉંગ્રેસના ગુલાબસિંહ રાજપૂત અને અપક્ષ ઉમેદવાર માવજી પટેલ સહિત 10 ઉમેદવાર મેદાનમાં હતા.

---

## CHHOTA UDEPUR DRY DAY

છોટાઉદેપુર જિલ્લાના મેજિસ્ટ્રેટ અનિલ ધામેલિયાએ જિલ્લામાં 18થી 23 નવેમ્બર સુધીના દિવસોને “ડ્રાય ડે” જાહેર કર્યા છે.

છોટાઉદેપુરના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, આગામી 20મી નવેમ્બરે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી હોવાથી તેને અડીને આવેલા ગુજરાતના વિસ્તારોમાં ડ્રાય ડે જાહેર કરી નશીલા દ્રવ્ય કે પદાર્થોના વેચાણ અથવા વહેંચણી પર પ્રતિબંધ લગાવાયો છે. જો કોઈ વ્યક્તિ આ હુકમનો ભંગ કરશે તો તે કાયદાની જોગવાઈ અનુસાર શિક્ષાને પાત્ર બનશે તેમ આ જાહેરનામામાં જણાવાયું છે.

---

## PASHU VIMA YOJNA

રાજ્યનો પશુપાલક વીમા કંપનીને માત્ર 100 રૂપિયા પ્રીમીયમ ચૂકવીને પોતાના પશુને વીમા કવચથી સુરક્ષિત કરી શકશે. પશુપાલકોને આર્થિક રક્ષણ પૂરું પાડવા રાજ્ય સરકારે નવી પશુધન વીમા સહાય યોજના અમલમાં મૂકી હોવાનું પશુપાલનમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. આ યોજનાને વધુ અસરકારક બનાવવા ગુજરાત પશુધન વિકાસ બોર્ડ અને ICICI લોમ્બાર્ડ જનરલ ઇન્સ્યોરન્સ કંપની વચ્ચે ગાંધીનગર ખાતે સમજૂતી કરાર થયા હતા.

આ નવી યોજનાનો લાભ આપવા પશુપાલકો માટે આઈ-ખેડૂત પોર્ટલ આજથી એક મહિના સુધી ખુલ્લું મૂકાશે અને પ્રતિ પશુપાલક એકથી 3 વેતરના હોય તેવા ગાય-ભેંસ વર્ગના મહત્તમ 3 પશુઓ માટે સહાય અપાશે પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના 50 હજાર જેટલા પશુઓને આ યોજના હેઠળ આવરી લેવાનું સરકાર દ્વારા આયોજન કરાયું છે.

---

## WEATHER

રાજ્યના નાગરિકોએ શિયાળા માટે હજી રાહ જોવી પડશે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, આ મહિનાના છેલ્લા સપ્તાહમાં અને ડિસેમ્બર મહિનામાં અત્યંત ઠંડીની શક્યતા છે. રાજ્ય માટે આ મહિનામાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ઓછું તથા લઘુત્તમ તાપમાન સામાન્ય કે સામાન્ય કરતાં વધુ રહેવાની સંભાવના છે. હાલમાં આ મહિનાના પહેલા પખવાડિયામાં એપ્રિલ મહિના જેવી ગરમી અનુભવાઈ રહી છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, મહિનાના શરૂઆતના 12 દિવસ રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાન સામાન્ય કરતા વધુ રહ્યું હતું. ગત વર્ષે નવેમ્બર મહિનાના પેહલા પખવાડિયામાં રાજ્યભરના જિલ્લાઓનું તાપમાન સામાન્ય કે તેનાથી પણ ઓછું નોંધાયું હતું.

---

## Kutch Rannotsav

કચ્છ રણોત્સવમાં પર્યટકો કચ્છની ભાતીગળ સંસ્કૃતિને જોવા આવી રહ્યા છે.

તાજેતરમાં વિશ્વ પ્રવાસન સંગઠને ધોરડો ગામને શ્રેષ્ઠ પ્રવાસન ગામ તરીકે જાહેર કરતાં આ સ્થળનું મહત્વ વધી ગયું છે. અહીં આવેલા એક પર્યટકે પોતાનો અનુભવ વ્યક્ત કર્યો હતો.

(ઓડિયો - શ્રીમતી યશસ્વી, પ્રવાસી)

---

## C.R. Patil Vadtal Dvishatabdi

કેન્દ્રિય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે વડતાલધામ ખાતે દ્વિશતાબ્દી મહોત્સવમાં ઉપસ્થિત રહી 'કેચ ધી રેઈન' અભિયાનને સફળ બનાવવા ઘરે-ઘરેથી જળ સંચયની શરૂઆત કરવાની  અપીલ કરી છે.

આ પ્રસંગે શ્રી પાટિલે જણાવ્યું કે, પાણી જીવનનો મૂળભૂત સ્ત્રોત છે અને આવનારી પેઢી માટે શુદ્ધ પાણી વારસામાં આપવું એ આપણી સૌની જવાબદારી છે. તેમણે સ્વામિનારાયણ સંપ્રદાયની ગુરુકુળ શિક્ષણ પ્રણાલી, ત્યાગ, સમર્પણની ભાવના, સંસ્કાર સિંચન અને સામાજિક સમરસતાના કાર્યોને પણ બિરદાવ્યા હતા.

---

## Pavagadh Arohan Avrohan Spardha

પાવાગઢ ખાતે રાજયકક્ષાની પાવાગઢ આરોહણ-અવરોહણ સ્પર્ધા ડિસેમ્બર મહિનાના છેલ્લા અઠવાડિયામાં યોજાશે.

આ સ્પર્ધામાં 19 થી 35 વર્ષની વયના યુવક અને યુવતીઓ ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં એકથી દસમાં ક્રમે પસંદગી પામનારા સ્પર્ધકો અખિલ ભારતીય ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

રાજ્ય સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા સ્પર્ધાનું આયોજન કરાયું છે. સ્પર્ધામાં ભાગ લેવા માંગતા સ્પર્ધકોએ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, પંચમહાલ ખાતેથી અરજીપત્ર મેળવી 30 નવેમ્બર સુધીમાં રૂબરૂ અથવા ટપાલથી અરજી મોકલી આપવા જિલ્લા યુવા વિકાસ અધિકારી કચેરીની યાદીમાં જણાવાયું છે.

---

## Digital Arrest Sketch

રાજ્યમાં પ્રથમ વાર ડિજિટલ અરેસ્ટની ઘટનામાં આરોપીનું ચિત્ર એટલે કે સ્કેચ જાહેર કરાયું છે. સુરતમાં બનેલી આવી જ એક ઘટનામાં સુરત પોલીસે આરોપીનું સ્કેચ જાહેર કર્યું છે. ડિજિટલ અરેસ્ટના ભોગ બનેલા ફરિયાદીઓના જણાવ્યા મુજબ આરોપીઓના સ્કેચ બનાવાયા છે. ટેકનિકલ સર્વલન્સથી આરોપીઓની શોધખોળ થઈ રહી છે.

---